# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-04-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GANDHINAGAR STRIKE

આરોગ્ય કર્મચારીઓ દ્વારા ચાલી રહેલી હડતાળને હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે. ગુજરાત આરોગ્ય કર્મચારી મહાસંઘના હોદ્દેદારો આજે પણ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સાથે બેઠક કરશે.

અગાઉ ગુજરાત આરોગ્ય કર્મચારી મહાસંઘના હોદ્દેદારોએ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સાથે બેઠક કરી હતી. આ અંગે મહાસંઘના પ્રમુખ રણજીતસિંહ મોરીએ જણાવ્યું, બેઠકમાં સરકારે ગ્રેડ પે બાબતે સરકારે સમીક્ષા કરવાનું તેમજ એસ્મા કાયદા હેઠળની કાર્યવાહીમાં સરકાર હકારાત્મક અભિગમ અપનાવવાનું આશ્વાસન આપ્યું.

(બાઇટ: રણજીતસિંહ મોરી)

. . . . . . . . . . . . .

# GANDHINAGAR JOKHMI EKAM

ગાંધીનગરમાં 213 જોખમી એકમ મળી આવ્યાં છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે, આ પૈકીના 27 અતિ-જોખમી એકમ હોવાનું જણાયું છે. આ અંગે સરવે કર્યા બાદ તમામ જોખમી એકમોને નોટિસ પાઠવવામાં આવી છે. તેમજ આગામી સમયમાં આ એકમોને બંધ કરવાની અને જરૂર પડે તો તોડી પાડવાનો પણ નિર્ણય મેયર મીરાં પટેલ દ્વારા કરાયો છે.

. . . . . . . . . . . . .

# ARAVALLI MUGHAT

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ભગવાન શામળિયાને ત્રણ કિલોગ્રામ સોનાનો મુગટ અર્પણ કરાયો છે. ભક્તોએ આપેલા દાનમાંથી મંદિર ટ્રસ્ટ દ્વારા 4 કરોડ 25 લાખ રૂપિયાના ખર્ચે આ મુગટ તૈયાર કરાયો હતી. આ અંગે મંદિરના પૂજારી પરેશભાઈએ વધુ માહિતી આપી.

(બાઇટ: પરેશભાઈ, પૂજારી, શામળાજી મંદિર)

. . . . . . . . . . . . .

# MEHSANA CONFERENCE

મહેસાણા જિલ્લાના વડનગર સંગ્રહાલય ખાતે બે દિવસીય આંતરરાષ્ટ્રીય દરિયાઈ પરિષદ યોજાઈ હતી, જેમાં પ્રોફેસર અને સમુદ્રી નિષ્ણાતો એ દરિયાઈ ઇતિહાસ, વહાણ નિર્માણની સ્વદેશી પદ્ધતિઓ અને નૌકાયાનની પરંપરાઓને ઉજાગર કરી હતી. પરિષદમાં ભારતીય પુરાતત્વ વિભાગના પ્રો.ડૉ.આલોક ત્રિપાઠી સહિત સમુદ્રી નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# BOTAD DRUGS

બોટાદમાં માદકપદાર્થ સાથે એક મહિલાની અટકાયત કરવામાં આવી છે. બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે, સ્પેશિયલ ઑપરેશન ગ્રૃપ-S.O.G.ની ટુકડીએ તાજપર ચોકડી પાસે દરોડા પાડ્યા હતા.

દરમિયાન મહિલા પાસેથી 15 કિલોથી વધુનો એક લાખ 68 હજારથી વધુ રૂપિયાનો માદક પદાર્થ જપ્ત કરાયો હતો. પોલીસે આ અંગે N.D.P.S. કાયદા મુજબ ગુનો નોંધી મહિલા સામે કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# CHOTA UDEPUR SCHOOL

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના કલુડી મહુડી ખાતે ૪ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્માણ પામનાર ઉચ્ચતર માધ્યમિક શાળાનું ધારાસભ્ય અભેસિંહ તડવીએ ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી તડવીએ જણાવ્યું કે, આ શાળામાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે આધુનિક સુવિધાઓ મળશે.

દરમિયાન પાવીજેતપુરના ધારાસભ્ય જયંતિ રાઠવાએ તુરખેડાથી ગીરમીટીયા અને હાંડવાબારી માર્ગોનું ખાતમુહૂર્ત કર્યું. તેમણે સરકારમાં રજૂઆત કરી આ બંને રસ્તાઓના કામની મંજૂરી મેળવી હતી. આ પ્રસંગે શ્રી રાઠવાએ જણાવ્યું કે, પ્રજાની મુશ્કેલી દૂર થાય તે હેતુથી આ બંને રસ્તાઓનું નિર્માણ કરાશે. તેમણે કામગીરી વ્યવસ્થિત થાય અને સમય મર્યાદામા કામ પૂર્ણ થાય તેવા સૂચન પણ કર્યા હતા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................